બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ તથા તે હેઠળના નિયમો, ૨૦૧૨ અન્વયે નબળા અને વંચિત જૂથના બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં ધોરણ-૧ માં ૨૫ ટકા લેખે પ્રવેશ આપવા માટેની કાર્યપધ્ધતિ નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃ- ED/MIS/e-file/3/2026/1915/CH
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૫/03/૨૦૨૬

**વંચાણે લીધા-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૪/૦૮/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક: ખપશ/૧૧૨૦૨૦/સિ.કા.૦૬/ચ.
(૨) નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગરની તા.૨૩/03/૨૦૨૬ની સિંગલ ફાઇલ ક્રમાંક: DPE/RTE/e-file/105/2026/1446/RTE.

**પ્રસ્તાવના :-**

ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.૦૪/૦૮/૨૦૨૦ના ઠરાવથી બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ તથા બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ અન્વયે નબળા અને વંચિત જૂથના બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં ધોરણ-૧ માં ૨૫ ટકા લેખે પ્રવેશ આપવા માટેની કાર્યપધ્ધતિ નિયત કરવામાં આવેલ છે, તેના પારા-૪ માં નબળા અને વંચિત જૂથના બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં પ્રવેશ આપવા બાબતે કેટેગરીઓ નિયત કરી અગ્રતાક્રમ નક્કી કરેલ છે, તેમાં ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરીએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ અને ત્યારબાદના વર્ષોમાં બાળકોને પ્રવેશ આપવા બાબતે સદરહું તા.૦૪/૦૮/૨૦૨૦ના ઠરાવના પારા-૪ માં અગ્રતા ક્રમાંક-૯ની કેટેગરી "રાજ્ય સરકાર હસ્તકની સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતાં બાળકો" માટે નિયત કરેલ છે, તેમા ફેરફાર કરી, તેને અગ્રતા ક્રમાંક-૧૨ તરીકે રાખવા અને હાલમા અગ્રતા ક્રમાંક-૧૨ માં જે "અન્ય પછાત વર્ગના બાળકોનો" ઉલ્લેખ કરેલ છે તેની જગ્યાએ આર્થિક રીતે નબળા વર્ગના બાળકો (EWS) રાખવા અંગેનો સુધારો કરવા બાબતે દરખાસ્ત રજૂ કરેલ. તે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ:

ઉપર્યુક્ત વિગતે આ વિભાગના તા.૦૪/૦૮/૨૦૨૦ના ઠરાવના પારા-૪ માં નબળા અને વંચિત જૂથના બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં ધોરણ-૧ માં પ્રવેશ આપવા બાબતે અગ્રતા ક્રમાંક નીચેના કોષ્ટકની કોલમ-૧ની વિગતે નિયત કરેલ હતા, તેમાં ફેરફાર કરી નીચેના કોષ્ટકની કોલમ-૨ ની વિગતે સુધારો કરવાનું આથી, ઠરાવવામાં આવે છે.

| તા.૦૪/૦૮/૨૦૨૦ના ઠરાવ મુજબ હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|
| (૧) | (૨) |
| (૧) અનાથ બાળક<br>(૨) સંભાળ અને સંરક્ષણની જરૂરિયાતવાળુ બાળક<br>(૩) બાલગૃહના બાળક<br>(૪) બાળમજુર/સ્થાળાંતરિત મજુરના બાળકો<br>(૫) મંદબુદ્ધિ/સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો, ખાસ જરૂરિયાતવાળા બાળકો/શારિરીક રીતે વિકલાંગ અને વિકલાંગ ધારા-૨૦૧૬ની કલમ ૩૪(૧)માં દર્શાવ્યા મુજબના તમામ દિવ્યાંગ બાળકો<br>(૬) (ART) એન્ટી-રેટ્રોવાઇરલ થેરાપી (એઆરટી)ની સારવાર લેતા બાળકો<br>(૭) ફરજ દરમિયાન શહીદ થયેલ લશ્કરી/અર્ધલશ્કરી/પોલીસદળના જવાનના બાળકો<br>(૮) જે માતા-પિતાને એકમાત્ર સંતાન હોય અને તે સંતાન માત્ર દિકરી જ હોય તેવી દિકરી<br>(૯) રાજ્ય સરકાર હસ્તકની સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતાં બાળકો | (૧) અનાથ બાળક<br>(૨) સંભાળ અને સંરક્ષણની જરૂરિયાતવાળુ બાળક<br>(૩) બાલગૃહના બાળક<br>(૪) બાળમજુર/સ્થાળાંતરિત મજુરના બાળકો<br>(૫) મંદબુદ્ધિ/સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો, ખાસ જરૂરિયાતવાળા બાળકો/શારિરીક રીતે વિકલાંગ અને વિકલાંગ ધારા-૨૦૧૬ની કલમ ૩૪(૧)માં દર્શાવ્યા મુજબના તમામ દિવ્યાંગ બાળકો<br>(૬) (ART) એન્ટી-રેટ્રોવાઇરલ થેરાપી (એઆરટી)ની સારવાર લેતા બાળકો<br>(૭) ફરજ દરમિયાન શહીદ થયેલ લશ્કરી/અર્ધલશ્કરી/પોલીસદળના જવાનના બાળકો<br>(૮) જે માતા-પિતાને એકમાત્ર સંતાન હોય અને તે સંતાન માત્ર દિકરી જ હોય તેવી દિકરી<br>(૯) ૦ થી ૨૦ આંક ધરાવતા તમામ કેટેગરી (SC, ST, SEBC, જનરલ તથા અન્ય) |

| | |
|---|---|
| (૧૦) ૦ થી ૨૦ આંક ધરાવતા તમામ કેટેગરી (SC, ST, SEBC, જનરલ તથા અન્ય) ના BPL કુટુંબના બાળકો<br><br>(૧૧) અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ના બાળકો<br><br>(૧૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/અન્ય પછાત વર્ગના બાળકો/વિચરતી અને વિમુક્ત જાતિના બાળકો. સદર કેટેગરીમાં વિચરતી અને વિમુક્ત જાતિના બાળકોને પ્રથમ અગ્રતા આપવાની રહેશે.<br><br>(૧૩) સામાન્ય કેટેગરી (બિનઅનામત વર્ગ)ના બાળકો | ના BPL કુટુંબના બાળકો<br><br>(૧૦) અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ના બાળકો<br><br>(૧૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/આર્થિક રીતે નબળા વર્ગો (EWS)/ વિચરતી અને વિમુક્ત જાતિના બાળકો. સદર કેટેગરીમાં વિચરતી અને વિમુક્ત જાતિના બાળકોને પ્રથમ અગ્રતા આપવાની રહેશે.<br><br>(૧૨) રાજ્ય સરકાર હસ્તકની સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતાં બાળકો<br><br>(૧૩) સામાન્ય કેટેગરી (બિનઅનામત વર્ગ)ના બાળકો |

પ્રસ્તુત સુધારા ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ઇ-ફાઇલ પર સરકારશ્રીની તા.૨૫/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અરવિંદસિંહ વાઘેલા)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી. સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી. પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી મારફત)
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી મારફત)
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, અમદાવાદ/રાજકોટ/ગાંધીનગર
- તમામ સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળની કચેરી
- શાખા સિલેક્ટ ફાઇલ
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ